ભરૂચ જિલ્લામાં સરેરાશ ૬૭.૬૬% વોટિંગ

ધારોલીમાં ૮૧.૩૪% સાથે સૌથી વધુ મતદાન, જ્યારે બિનહરીફ બેઠકને કારણે ગડખોલમાં નિરુત્સાહ

ભરૂચઃ ભરૂચ જિલ્લા પંચાયતમાં સરેરાશ 72 ટકા, નવ તાલુકા પંચાયતમાં 72 ટકા અને ચાર નગરપાલિકાઓમાં 67 ટકા ટકા મતદાન થયું હતું, જેમાં સરેરાશ 67.66 ટકા મતદાન નોંધાયું છે. ભરૂચ જિલ્લા પંચાયતની ધારોલી બેઠક પર સૌથી વધુ 81.34 ટકા મતદાન થયું હતું, જેમાં ગડખોલ બેઠક પર ઉમેદવાર બિનહરીફ થતાં મતદાન ઝીરો ટકા ગણી શકાય. સૌથી વધુ મતદાન નેત્રંગ તાલુકામાં 68.08 ટકા નોંધાયું છે, જ્યારે સૌથી ઓછું મતદાન ભરૂચ તાલુકામાં 51.32 ટકા નોંધાયું છે. ઉમેદવારોનું રાજકીય ભાવિ EVM મશીનમાં સીલ થઈ ગયું છે.

મતગણતરી 28મીએ યોજાશે, જ્યાં પરિણામો જાહેર થતાં જ જીત-હારનો ચિતાર સ્પષ્ટ થશે. જો કે, રવિવારે કાળઝાળ ગરમીમાં બપોરે ઘર છોડીને મત આપવા ન જતાં કેટલાક ઉમેદવારના સમર્થકો અસમંજસમાં આવી ગયા હતા.

ચલથાણમાં 'ડમી EVM' મુદ્દે હંગામોઃ ભાજપ-અપક્ષ સામસામે

ગાયત્રી નગર સોસાયટીમાં ઘરે-ઘરે સમજાવટ કરી રહેલા ભાજપના ઉમેદવારોનો અપક્ષે વિરોધ કરતાં મામલો બિચક્યો

તો મરઘાં ફાર્મ વિસ્તારમાંથી 70 મતદારોનું ટોળું ઊમટતાં મતદાન મથક પોલીસ છાવણીમાં ફેરવાયું

પલસાણાઃ કડોદરા નગરપાલિકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન દરમિયાન નવા ઉમેરાયેલા ચલથાણમાં 42 ડિગ્રી ગરમી સાથે ચૂંટણીની ગરમીનો પારો પણ એટલો ઊંચો હતો કે આખો દિવસ આક્ષેપ-પ્રતિઆક્ષેપ વચ્ચે પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દોડતું રહ્યું હતું. અહીં ચલથાણમાં વોર્ડ નં.7માં સવારે 10.30થી 11 વાગ્યાના અરસામાં ભાજપના ઉમેદવારો ડમી ઈવીએમ મશીન લઈ ગાયત્રી નગર સોસાયટીમાં ઘરેઘર ઉમેદવારો માટે મતદાન કેવી રીતે કરવું તે સમજાવી રહ્યા હતા.

એ અંગે ભાજપમાંથી નારાજ થઈ અપક્ષમાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારને માહિતી મળતાં તેઓ સ્થળ પર પહોંચતાં બે જૂથ સામસામે આવી ગયાં હતાં. ત્યારબાદ ઝોનલ ઓફિસરને જાણ કરતાં તેમણે પોલીસ મોકલી મામલો થાળે પડ્યો હતો. આ રાજકીય આંટીઘૂંટી વચ્ચે મોડી સાંજે 5 વાગ્યાની આસપાસ ચલથાણ મરઘાં ફાર્મ વિસ્તારમાંથી એકસાથે 70 મતદારનું ટોળું ચલથાણ કલ્યાણજી મહેતા હાઈસ્કૂલ ખાતે મતદાન કરવા નીકળ્યું હતું. ત્યારે સૂત્રોચ્ચાર કરતાં રાજકીય માહોલ ગરમાયો હતો. આ ટોળું અપક્ષ ઉમેદવારોના સમર્થનમાં હોવાનું બહાર આવતાં ભારે ચહલપહલ સર્જાઈ હતી. આખરે પોલીસે સ્થળ ઉપર પહોંચી જઈ વાતાવરણ વણસે નહીં તે માટે આગળની કામગીરી હાથ ધરી હતી.

બીજી તરફ કડોદરા ખાતે પણ બોગસ મતદાન થઈ રહ્યું હોવાનું જણાવી વોર્ડ નં.1 સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો સામસામે આવી ગયા હતા. જો કે, પોલીસ તંત્રએ હરકતમાં આવી રાજકીય માહોલ ગરમાય એ પહેલાં પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

કોંગ્રેસ જીત કે ગરીબ મુસલમાનો કી જમીન ખા જાતે હૈઃ સઈદાબીબી

અંકલેશ્વરમાં મુમતાઝ પટેલનો ઘેરાવો, ભાજપ ઉમેદવારે કોંગ્રેસ સામે ગંભીર આક્ષેપો લગાવ્યા

ભરૂચ, અંકલેશ્વરઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન અંકલેશ્વરના જેનિથ હાઈસ્કૂલ મતદાન કેન્દ્ર પર ભારે હોબાળો સર્જાયો છે. નિરીક્ષણ અર્થે ત્યાં પહોંચેલા મર્હુમ અહેમદ પટેલનાં પુત્રી મુમતાઝ પટેલને ભાજપનાં મહિલા ઉમેદવાર સઈદાબીબી અબ્દુલસમદ શેખે ઘેરી લીધા હતા અને તીખા શાબ્દિક પ્રહારો કર્યા હતા.

મતદાન ચાલુ હોય એ દરમિયાન ઉમેદવાર સઈદાબીબીએ હિન્દી ભાષામાં કોંગ્રેસ વિરુદ્ધ આક્ષેપો કરતાં કહ્યું, કોંગ્રેસ લોગ મુસલમાન કે સાથે ક્યા કરતે હૈ, કોંગ્રેસ જીત કે ગરીબ મુસલમાનો કી જમીન ખા જાતે હૈ, સબૂત કે સાથ જમીન ખા ગયે હૈ, કોંગ્રેસ કે પીછે ગુંડે ખડે હૈ. તેમણે કોંગ્રેસના સમર્થકો પર મતદાન મથક પર ધક્કામુકી કરવાનો પણ આરોપ મૂક્યો હતો. ઘટનાની જાણ થતાં જ મુમતાઝ પટેલે શાંતિથી વાત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમણે જણાવ્યું કે તેમની સાથે અણછાજતો વ્યવહાર કરવામાં આવ્યો. આ ઘટનાક્રમને પગલે મતદાન કેન્દ્ર પર લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું અને થોડીવાર માટે મતદાનની પ્રક્રિયા અસ્તવ્યસ્ત બની હતી. જો કે, મોટી અનિચ્છનીય ઘટના ટળી ગઈ હતી.

ભરૂચમાં વીજળી ગુલ, છતાં મીણબત્તીના અજવાળે મતદાન

ભરૂચઃ લોકશાહીના આ પવિત્ર પર્વમાં આજે ભરૂચ શહેરે અનોખો દાખલો બેસાડ્યો હતો. નગરપાલિકાના વોર્ડ નંબર-2માં આવેલી ઈકરા સ્કૂલ ખાતે મતદાન દરમિયાન અચાનક વીજળી ગુલ થઈ જતાં અંધકાર છવાઈ ગયો હતો. જો કે, આ અંધકાર મતદારોના ઉત્સાહને ઝાંખો ન કરી શક્યો. ઈકરા સ્કૂલના મતદાન મથકે મીણબત્તીના પ્રકાશમાં મતદાન કરી નાગરિકોએ પોતાની ફરજ બજાવી હતી.

અંદાડાનું આદર્શ મતદાન મથકઃલગ્નપ્રસંગજેવીભવ્યતા

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામની કુમાર પ્રાથમિક શાળા ખાતે એક અનોખું આદર્શ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યું છે. આ મતદાન મથક તેની વિશેષ સજાવટને કારણે મતદારોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મતદારોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અહીં જરૂરી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી મતદાનનો અનુભવ સુખદ બને. આદર્શ મતદાન મથક લગ્નપ્રસંગ જેવું સુશોભિત, મતદારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

કીમ-૨ તા.પં. સીટ ઉપર ૪૮.૯૬ ટકા મતદાન નોંધાયું

કીમઃ કીમની રંગકૃપા સોસાયટીમાં રહેતા સંદીપ ધનસુખભાઈ પટેલના રવિવારે લગ્ન હોવાથી તેઓ લગ્ન મંડપમાંથી સીધા મતદાન મથક પર પહોંચ્યા હતા. લગ્ન મુહૂર્ત પૂર્ણ કર્યા બાદ વરરાજાએ કન્યા સાથે પહોંચી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કીમ ગામે કીમ-૨ તાલુકા પંચાયત સીટ પર ૪૮.૯૬ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે મૂળદ સીટ પર ૬૫.૮૮ ટકા મતદાન નોંધાયું હતું.

પલસાણા તાલુકા પંચાયતમાં 68.91 ટકા મતદાન નોંધાયું

સવારના સમયે મતદારોનો પ્રવાહ મતદાન કેન્દ્રો પર જોવા મળ્યો

પલસાણાઃ પલસાણા તાલુકા પંચાયતની 16 પૈકી 5 બેઠકો બિનહરીફ જાહેર થતાં 11 બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી. સાંજે પાંચ વાગ્યા સુધીમાં 68.91 ટકા મતદાન નોંધાયું હતું.

અંત્રોલી, બલેશ્વર2-1, પલસાણા-1, પલસાણા-2 અને વરેલી-1 બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા હતા. રવિવારના રોજ બાકી રહેલી 11 બેઠક માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત ત્રણ જિલ્લા પંચાયતોની બેઠકો પૈકી પલસાણા બેઠક બિનહરીફ થતાં વરેલી અને કારેલી બેઠક માટે મતદાન કરવામાં આવ્યું હતું. સવારના સમયે મતદારોનો પ્રવાહ મતદાન કેન્દ્રો પર જોવા મળ્યો હતો. જ્યારે બપોરે ગરમીનો પારો 43 ડિગ્રી સુધી પહોંચી જતાં લોકો મતદાન કેન્દ્ર સુધી પહોંચ્યા ન હતા. સાંજના સમયે ફરીથી મતદારોનો ધસારો જોવા મળ્યો હતો. પલસાણા તાલુકા પંચાયત બેઠક પર 47093 મતદાર પૈકી 32454 મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સાંજે પાંચ વાગ્યા સુધીમાં 68.91 ટકા મતદાન નોંધાયું હતું.

પલસાણા તાલુકા પંચાયતમાં ક્યાં કેટલું મતદાન થયું

વોર્ડ નં	વોર્ડનું નામ	પુરુષ મતદાર	સ્ત્રી મતદાર	કુલ મતદાર	પુરુષ મતદાન	સ્ત્રી મતદાન	કુલ મતદાન	કુલ મતદાન %
1	૧-અંભેટી	2074	2184	4258	1539	1661	3200	75.15
2	૨-અંત્રોલી	0	0	0	0	0	0	0.00
3	૩-બગુમરા	2177	2006	4183	1473	1397	2870	68.61
4	૪-બલેશ્વર-૧	0	0	0	0	0	0	0.00
5	૫-બલેશ્વર-૨	2195	2192	4387	1495	1459	2954	67.33
6	૬-એના	1926	2089	4015	1251	1398	2649	65.97
7	૭-કરાળા	1604	1694	3298	1213	1232	2445	74.13
8	૮-કારેલી	2569	2333	4902	1682	1505	3187	65.01
9	૯-લીંગડ	1906	2031	3937	1635	1618	3253	82.62
10	૧૦-મલેકપોર	2284	2697	4981	1879	2121	4000	80.30
11	૧૧-પલસાણા-૧	0	0	0	0	0	0	0.00
12	૧૨-પલસાણા-૨	0	0	0	0	0	0	0.00
13	૧૩-તાંતીથૈયા	3519	2857	6376	1907	1539	3446	54.04
14	૧૪-વણેસા	1985	2045	4030	1310	1283	2593	64.34
15	૧૫-વરેલી-૧	0	0	0	0	0	0	0.00
16	૧૬-વરેલી-૨	1393	1333	2726	944	913	1857	

કડોદરા પાલિકામાં ક્યાં કેટલું મતદાન

વોર્ડ નં	વોર્ડનું નામ	પુરુષ મતદાર	સ્ત્રી મતદાર	કુલ મતદાર	પુરુષ મતદાન	સ્ત્રી મતદાન	કુલ મતદાન	કુલ મતદાન %
1	વોર્ડ -1	1052	945	1997	784	671	1455	72.85
2	વોર્ડ -2	2102	1621	3723	1294	995	2289	61.48
3	વોર્ડ -3	1145	835	1980	765	557	1322	66.76
4	વોર્ડ -4	1020	550	1570	703	376	1079	68.72
5	વોર્ડ -5	1552	1374	2926	998	854	1852	63.29
6	વોર્ડ -6	1996	1765	3761	1536	1290	2826	75.13
7	વોર્ડ -7	1785	1600	3385	1222	1107	2329	68.80

કડોદરા પાલિકામાં 68 ટકા મતદાન, લોકોને મતદાન મથક સુધી લઈ જવા દોડાદોડી

પલસાણાઃ સુરત જિલ્લાની કડોદરા નગરપાલિકાના સાત વોર્ડ માટેની સામાન્ય ચૂંટણી રવિવારના રોજ યોજાઈ હતી. સાંજે 5 વાગ્યા સુધીમાં કુલ 68 ટકા મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન વોર્ડ નં.6માં 75.13 ટકા નોંધાયું હતું. નગરપાલિકામાં રાજકીય પક્ષોએ મતદાતાઓને મતદાન કેન્દ્ર સુધી લાવવા માટે છેલ્લે સુધી એડીચોટીનું જોર લગાવ્યું હતું. વધુને વધુ લોકો મતદાન કેન્દ્ર સુધી પહોંચે તે માટે કેટલાક રાજકીય પક્ષોએ વાહનોની પણ વ્યવસ્થા કરી હતી. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન શાંતિ જળવાઈ રહી હતી. ચલથાણના વિજય નગર વિસ્તારમાં થયેલી બબાલને બાદ કરતાં એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થઈ હતી.

નવા તવરાના મતદારોમાં રોષ

ભરૂચઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પર્વ વચ્ચે ભરૂચના નવા તવરા ગામના મતદારોમાં મતદાન મથકને લઈને ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ગામના વોર્ડ નં.7ના 1,100થી વધુ મતદાતાને પોતાના ગામમાં મતદાન મથક હોવા છતાં જૂના તવરા ગામ સ્થિત પી.એમ. શ્રી પ્રાથમિક શાળા ખાતે દોઢથી બે કિલોમીટર દૂર જઈને મતદાન કરવાની ફરજ પડી રહી છે. ગ્રામજનોએ આ મુશ્કેલી સામે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, "ગામમાં જ મતદાન મથક હોય તો વૃદ્ધો, મહિલાઓ અને બાળકો સાથે આવતા મતદાતાઓને સરળતા રહે." તેમણે ચેતવણી આપી છે કે, "આવનાર સમયમાં જો મતદાન મથક નવા તવરા ગામમાં જ નહીં ખસેડવામાં આવે, તો સમગ્ર ગામ આગામી ચૂંટણીનો બહિષ્કાર કરશે."

નર્મદા જિલ્લામાં સાગબારા તા.પં.માં 87.14% મતદાન

વોર્ડ નં.1ના બુથ-6માં પ્રિસાઇડિંગ ઓફિસર ચાલુ મતદાને જ મતદારોને મતદાન કેવી રીતે કરવું તે સમજાવવા બેસી જતાં આશ્ચર્ય

રાજપીપળાઃ રાજપીપળા નગરપાલિકામાં 75.62% ટકા મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન સાગબારા તાલુકા પંચાયતમાં 87.14% નોંધાયું હતું. રાજ્યમાં સૌથી વધુ નર્મદા જિલ્લા પંચાયતમાં મતદાન નોંધાયું છે.વર્ષ-2021માં પણ રાજ્યમાં સૌથી વધુ મતદાન નર્મદા જિલ્લા પંચાયતમાં 79.02% નોંધાયું હતું.

નર્મદા જિલ્લા પંચાયત મતદાર વિભાગની કુલ ૨૨ બેઠકો તથા તા.પં.ની નાંદોદની ૧૮, તિલકવાડાની-૧૬, ગરૂડેશ્વર તાલુકાની-૧૬, ડેડિયાપાડા તાલુકાની-૧૮, ચીકદા તાલુકાની-૧૬ અને સાગબારા તાલુકાની ૧૮ એમ કુલ ૧૦૨ બેઠક તથા રાજપીપળા નગરપાલિકા ૭ વોર્ડની ૨૬ બેઠક માટે મતદાન શરૂ થયું હતું. સૌથી વધારે મતદાન સાગબારા તાલુકા પંચાયતમાં 87.14% નોંધાયું હતું. તો સૌથી ઓછું મતદાન રાજપીપળા નગરપાલિકામાં 75.62% મતદાન નોંધાયું હતું. નર્મદા જિલ્લા પંચાયતમાં 84.49 મતદાન નોંધાયું છે. તો રાજપીપળા નગરપાલિકા માટે 75.62% મતદાન નોંધાયું છે.

જિલ્લાની 6 તાલુકા પંચાયતની મતદાનની ટકાવારી જોઈએ તો નાંદોદ તાલુકા પંચાયતમાં 80.23%, તિલકવાડા તાલુકા પંચાયતમાં 83.40%, ગરૂડેશ્વર તાલુકા પંચાયતમાં 84.84%, ડેડિયાપાડા તાલુકા પંચાયતમાં 85.52%, ચીકદા તાલુકા પંચાયતમાં 85.93% મતદાન નોંધાયું છે. રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીમાં પબ્લિક ગાર્ડનના ટાઉન હોલના વોર્ડ નં.1ના બુથ 6ના મતદાન મથકના પ્રિસાઇડિંગ ઓફિસર ચાલુ મતદાને જાતે જ મતદારોને મતદાન કેવી રીતે કરવું તે સમજાવા બેસી જતાં મતદારોએ આશ્ચર્ય અનુભવ્યું હતું.

એટલું જ નહીં આ મતદાન કુટિરમાં એક કરતાં વધારે લોકો ભેગા થયેલા જોવા મળતાં આશ્ચર્ય સર્જાયું હતું.

સામાન્ય રીતે મતદારોને કેવી રીતે મતદાન કરવું એ માટે અગાઉથી તાલીમ આપવામાં આવે છે. તંત્ર દ્વારા એનું માર્ગદર્શન આપવાનું હોય છે પણ મતદાનને દિવસે આ કામગીરી તંત્ર દ્વારા કરવાની હોતી નથી. છતાં આ મથકમાં પ્રિસાઇડિંગ ઓફિસર મતદાન કુટિરમાં અંદર આવીને બટન કેવી રીતે દબાવવું તે સમજાવતા હતા. ખરેખર ઓફિસર આ કૃત્ય કરી શકે નહીં. ચૂંટણી અધિકારી તેમની સામે કડક કાર્યવાહી કરે એવી પણ લોકોએ માંગ કરી હતી. જો કે, મીડિયાએ આવી રજૂઆત કરતાં એપ્રસાઇડિંગ ઓફિસર પછીથી ખુરશીમાં બેસી ગયા હતા. બીજુ આ મતદાન મથકમાં એક કરતાં વધારે લોકો પણ ભેગા થયેલા જોવા મળ્યા હતા.

સામાન્ય રીતે એક મતદાર જ મતદાન કરે ત્યાં સુધી અંદર બીજો મતદાર જઈ ન શકે છતાં પ્રિસાઇડિંગ ઓફિસરની બેદરકારીને કારણે આ દૃશ્ય જોવા મળ્યું હતું.

રાજપીપળા નગરપાલિકા સામાન્ય ચૂંટણીમાં મતદાન

બેઠકની વિગત	કુલ મતદારો			કુલ			કુલ ટકાવારી		
	પુરુષ	સ્ત્રી	કુલ	પુરુષ	સ્ત્રી	કુલ	પુરુષ	સ્ત્રી	કુલ
વોર્ડ - ૧	1983	2025	4008	1270	1229	2499	64.04	60.69	62.35
વોર્ડ - ૨	1919	2088	4007	1083	1102	2185	56.44	52.78	54.53
વોર્ડ - ૩	1615	1693	3308	1090	1105	2195	67.49	65.27	66.35
વોર્ડ - ૪	1661	1622	3283	916	741	1657	55.15	45.68	50.47
વોર્ડ - ૫	2069	2089	4158	1149	1126	2275	55.53	53.90	54.71
વોર્ડ - ૬	1269	1274	2543	734	660	1394	57.84	51.81	54.82
વોર્ડ - ૭	1368	1383	2751	796	742	1538	58.19	53.65	55.91
કુલ	**11884**	**12174**	**24058**	**7038**	**6705**	**13743**	**59.22**	**55.08**	**57.12**

નર્મદા જિલ્લા પંચાયતની 22 બેઠક ઉપર ક્યાં કેટલું મતદાન

મતદાન મથકનું નામ	કુલ મતદારો			કુલ			કુલ ટકાવારી		
	પુરુષ	સ્ત્રી	કુલ	પુરુષ	સ્ત્રી	કુલ	પુરુષ	સ્ત્રી	કુલ
અગર	8323	7979	16302	6607	6179	12786	79.38	77.44	78.43
આંબાવાડી	10857	10734	21591	8973	8957	17930	82.65	83.45	83.04
આમલેથા	11849	11659	23508	7829	7574	15403	66.07	64.96	65.52
ભદામ	11307	11203	22510	8735	8513	17248	77.25	75.99	76.62
ચીકદા	10514	10261	20775	8632	8415	17047	82.10	82.01	82.06
ડેડિયાપાડા-૧	6879	6919	13798	5376	5353	10729	78.15	77.37	77.76
ડેડિયાપાડા-૨	11216	11027	22243	7105	7066	14171	63.35	64.08	63.71
દેવલીયા	8499	8090	16589	7124	6644	13768	83.82	82.13	82.99
ગરૂડેશ્વર	8842	8597	17439	7140	6915	14055	80.75	80.44	80.60
જાવલી	10773	11362	22135	4991	5378	10369	46.33	47.33	46.84
કેવડિયા	6683	6342	13025	5223	4989	10212	78.15	78.67	78.40
ખડગદા	8696	7906	16602	6863	6301	13164	78.92	79.70	79.29
ખોપી	11123	11399	22522	7160	7250	14410	64.37	63.60	63.98
મંડાણ	10977	10820	21797	8737	8697	17434	79.59	80.38	79.98
મોરજડી	7810	7550	15360	6375	6417	12792	81.63	84.99	83.28
નદાતપોર	9397	8459	17856	7701	7004	14705	81.95	82.80	82.35
પ્રતાપનગર	8991	8705	17696	6413	6263	12676	71.33	71.95	71.63
સાગબારા	8887	9165	18052	6117	6493	12610	68.83	70.85	69.85
સામોટ	10937	10394	21331	4304	4394	8698	39.35	42.27	40.78
સેલંબા	10342	10815	21157	6404	6822	13226	61.92	63.08	62.51
તિલકવાડા	7677	7401	15078	6112	5825	11937	79.61	78.71	79.17
વડિયા	9321	8975	18296	6636	6313	12949	71.19	70.34	70.78
કુલ	**209900**	**205762**	**415662**	**150557**	**147762**	**298319**	**71.73**	**71.81**	**71.77**

250 કિમી દૂર મતદાન કરવા ગયા, દાદાનું નામ જ ગાયબ

કીમ : ઓલપાડના કીમ ગામે એક હૃદયસ્પર્શી ઘટના સામે આવી છે. અમદાવાદથી અંદાજે 250 કિલોમીટર દૂર રહેતા 75 વર્ષીય વૃદ્ધ મતદાન કરવા માટે કીમ ગામે પહોંચ્યા હતા. પરંતુ મતદાન મથકે પહોંચતાં તેમને જણાવવામાં આવ્યું કે તેમનું નામ મતદાર યાદીમાં ઉપલબ્ધ નથી. કીમ ગામની સરગમ સોસાયટી-56માં રહેતા ઇન્દ્રવદન કાકા મતદાન કરવા ઉત્સાહપૂર્વક આવ્યા હતા, પરંતુ પોતાનું નામ બુથમાં ન હોવાને કારણે તેઓ ખૂબ નિરાશ થયા હતા. આ ઘટનાને લઈ વૃદ્ધ મતદારે ભાવુક થઈ જણાવ્યું હતું કે, મતાધિકાર છીનવાતા હું જીવતા જીવત મરી ગયો છું. હવે હું કદાચ વધુ સમય જીવવાનો નથી, પરંતુ મારો મતાધિકાર છીનવાયો છે.

આ બનાવે ચૂંટણી વ્યવસ્થામાં મતદાર યાદીની ચોકસાઈ અને જવાબદારી અંગે પ્રશ્નો ઊભા કર્યા છે.

જનશક્તિનો વિજયઃ રોડ માટે ચૂંટણી બહિષ્કાર બાદ તંત્ર ઝૂક્યું

ફૂલસર-દૂથર રોડની લેખિત બાંયધરી બાદ ગ્રામજનોએ મતદાન શરૂ કર્યું

ડેડિયાપાડાઃ ડેડિયાપાડાના ફૂલસર-દૂથર રોડના મુદ્દે ગ્રામજનોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. જો કે, ધારાસભ્ય ચૈતર વસાવા અને R|B વિભાગની સમજાવટ અને રોડ બનાવવા અંગે લેખિત બાંયધરી મળતાં ગ્રામજનોએ બહિષ્કાર પાછો ખેંચી લેતાં મતદાન શરૂ થયું હતું.

ગ્રામજનોની મુખ્ય માંગ હતી કે ફૂલસરથી દૂથર સુધીનો ડામર રોડ રિસર્ફેસિંગ અને કન્સ્ટ્રક્શન હેઠળ મંજૂર થયેલો હોવા છતાં તેનું કામ અટકાવી દેવામાં આવ્યું છે. અગાઉ ઈજારદાર દ્વારા રોડ પર પ્રાથમિક કામ શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ ગુજરાત વન વિભાગે આ વિસ્તાર શૂલપાણેશ્વર વન્યજીવન અભ્યારણ્ય હેઠળ આવતો હોવાથી વાઈલ્ડલાઈફ ક્લિયરન્સ ફરજિયાત ગણાવી કામ બંધ કરાવી દીધું હતું. ચૂંટણી બહિષ્કારની જાણ થતાં જ ખુદ AAP ધારાસભ્ય ચૈતર વસાવા તાત્કાલિક ગામે પહોંચી ગ્રામજનો સાથે ચર્ચા કરી હતી અને માર્ગ અને મકાન વિભાગ (R|B)ના કાર્યપાલક ઈજનેર, ફૂલસરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર તથા અન્ય અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. અધિકારીઓએ ગ્રામજનોને લેખિત બાંયધરી આપી હતી કે રોડ રિસર્ફેસિંગ માટે જરૂરી વાઈલ્ડલાઈફ ક્લિયરન્સ મેળવવા જોઈન્ટ સરવે પૂર્ણ થઈ ગયો છે અને દસ્તાવેજી પ્રક્રિયા તાલુકા-જિલ્લા કક્ષાએ મંજૂરી હેઠળ છે. આવનાર એક મહિનામાં તમામ મંજૂરી મેળવી ડામર રોડનું કામ પૂર્ણ કરવામાં આવશે. લેખિત બાંયધરી મળતાં ગ્રામજનો માની જતાં મતદાન પ્રક્રિયા ફરી શરૂ થઈ હતી.

Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
02:00pm, 08:00pm
Behrupiyo-Gujarati
07:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333